Saarth E-Journal

# Saarth E-Journal of Research

E-mail : sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO : 2395-339X | Impact Factor 6.89
Peer Reviewed | Quarterly
Vol.1 No.16 | Jan-Feb-Mar 2015

# સામાજિક વિકાસમાં ડૉ.બાબા સાહેબ આંબેડકર નું પ્રદાન

કલ્પનાબેન બી ચૌધરી

**સારાંશ :-**

સામાજિક વિકાસ માટે બાબા સાહેબ આંબેડકરે આપેલા પ્રદાન વિશેની વાત કરવામાં આવી છે. ડૉ. આંબેડ કરે અસમાનતા સાથે બધી જ બાબતોનો ગંભીરતાથી લઈ સમાજ, બંધારણ,ધર્મ તથા માનવતાવાદ વગેરે બાબતો વિશે ઊંડાણપૂર્વક ચિંતન કર્યું છે. આ ચિંતનમાં સામાજિક ન્યાય, સામાજિક વિકાસ ને સામાજિક દ્રષ્ટિકોણ નો ખ્યાલ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. સામાજિક વિકાસ એટલે સમાજના દરેક વ્યક્તિને પોતાના જીવનને ટકાવી રાખવા તથા સર્વાંગી વિકાસ માટેની બધી જ તકો સમાન રૂપે મળે તેવી વ્યવસ્થા. બાબા સાહેબ આંબેડકરે સામાજિક વિકાસ માટે સમાજના ઘણા બધા પાસાઓને સ્પર્શતા કામો એમણે કર્યા છે. જે અનન્ય અને અદભુત છે. તેમણે સમાજના નબળા વર્ગનો વિકાસ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિનો વિકાસ, મહિલાઓ, બાળકો તથા અશક્ત વ્યક્તિઓનો વગેરે જેવા અનેક કામોમાં એમનું અમૂલ્ય પ્રદાન રહ્યું છે. આમ, સામાજિક માળખાના વિકાસ માટે આંબેડકરનું ચિંતનગહન હતું.તેઓ હંમેશા વિચારતા કે બીજા વર્ગનું શોષણ કરવું એમની દ્રષ્ટિએ અન્યાય હતો. આથી સમાજનો શોષિત, પીડિત અને દલિત વર્ગ તેમજ નારી ખાસ કરીને દલિત વર્ગ શોષણમાંથી મુક્ત બને એ માટે એમના પ્રયાસો ઊંડાણપૂર્વક ના રહ્યા છે.

**ચાવીરૂપ શબ્દો:- સામાજિક, વિકાસ, પ્રદાન, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ, દલિત વર્ગ, મહિલાઓ અને બાળકો**

**પ્રસ્તાવના:-**

સમાજ સુધારો એટલે જન સમુદાયના કલ્યાણ માટે સમાજની વ્યવસ્થામાં ફેરફાર કરવો તે અને સમાજ સુધારક નો અર્થ સમાજ સુધારો કરનાર વ્યક્તિ એવો આપવામાં આવ્યો છે. સામાજિક વિકાસ એટલે સમાજના દરેક વ્યક્તિને પોતાના જીવનને ટકાવી રાખવા તથા વ્યક્તિત્વના સર્વાંગી વિકાસ માટે ની બધી જ તકો સમાન રૂપે તેવી વ્યવસ્થા. ભારતમાં સામાજિક સુધારણા ની ચળવળ નો ઈતિહાસ બહુ લાંબો છે. ઈ.સ પૂર્વે 500 માં ભગવાન

બુદ્ધે સામાજિક સુધારણા માટેની ચળવળ શરૂ કરી હતી. ત્યારબાદ અનેક વિધ સમાજ સુધારકોએ સમાજમાં સુધારણા માટેના પ્રયાસો કર્યા હતા. જેમાં મુખ્યત્વે કબીર, એકનાથ, રામાનંદ, ચૈતન્ય મહાપ્રભુ, નરસિંહમહેતા, મહાત્મા ગાંધી અને બાબા સાહેબ આંબેડકર જેવા મહાન વ્યક્તિઓનો બહુમૂલ્ય ફાળો છે.

ડૉ. ભીમરાવ આંબેડકર એક દલિત અને શોષિત પરિવારમાં જન્મ્યા હતા. પરંતુ આ શ્રાપ રૂપી જીવનને તે જિંદગીભર સહન કરવા તૈયાર ન હતા. તેમણે બાળપણથી જ આ વ્યવસ્થાની વિરુદ્ધસ્વતંત્રતા, સમાનતા અને બંધુતા માટે લડાઈ લડતા રહ્યા. આંબેડકર પોતાના વ્યક્તિત્વની આગવી ક્ષમતા, શક્તિ અને યોગ્યતાઓના આધારે તેઓ 20 મી સદીના સુધારકોમાં સૌથી મોખરે રહ્યા છે. આંબેડકર નો સમગ્ર વિરોધ હિંદુ સમાજની બે વર્ણ વ્યવસ્થા તરફનો હતો કે જેમાં સવર્ણ વર્ગને સમાજના બીજા વર્ગનું શોષણ કરવાનો અધિકાર આપવામાં આવ્યો હતો. તેમના અનુસાર ઈશ્વરની આ સૃષ્ટિમાં બધા મનુષ્ય સમાન છે. આ એક વર્ગ દ્વારા બીજા વર્ગનું શોષણ કરવું એમની દ્રષ્ટિએ અમન્ય હતો. સમાજનો શોષિત, પીડિત અને દલિત વર્ગ આ શોષણ માંથી મુક્ત બને અને તેમને સામાજિક ન્યાય અને સામાજિક પ્રતિષ્ઠા મળે એવું તેઓ ઈચ્છતા હતા. આંબેડકર એ અસમાનતા સાથે સંકળાયેલી બધી જ બાબતોનો ગંભીરતાથી લઈ સમાજ, બંધારણ, અને ધર્મ તથા માનવતાવાદ વગેરે બાબતો વિશે ઊંડાણપૂર્વક ચિંતન કર્યું. આ ચિંતનમાં તેમના સામાજિક ન્યાય અને સામાજિક પરિવર્તન અંગેના દ્રષ્ટિકોણનો ખ્યાલ સ્પષ્ટ રીતે જોવા મળે છે.

**<u>સામાજિક વિકાસમાં આંબેડકરનું પ્રદાન :-</u> બાબા સાહેબ આંબેડકર જાતિ પ્રથા આધારિત તત્કાલીન સામાજિક માળખું ધ્વસ્થ થાય તેવું ઈચ્છતા હતા.** તેમણે લખ્યું હતું. આપણી સામાજિક રચના અત્યંત લોકશાહી વિરોધી છે. કેટલાક વર્ગો તરફ અત્યંત ઝૂકેલી અને સર્વ સાધારણ લોકોના હિતો વિરુદ્ધની અને પોત પોતાના વર્ગોના હી તો સાચવવા અને જોરદાર સમર્થન આપનારી છે. પોતાના જ વર્ગ હિતો માટે બહુ જનને નકારનારી છે. હિન્દુ ધર્મ આધારિત જાતિ પ્રથા થી ગ્રસ્ત સામાજિક માળખા અંગે આંબેડકર નું ચિંતન ગહન હતું. તેમણે સ્પષ્ટ શબ્દોમાં ભારતના સ્વાતંત્ર્ય ની માંગણી કરી અને દલિતોના અધિકારોનું એક જાહેરનામું રજૂ કર્યું. જેમાં દલિતો માટે સમાન નાગરિત્વ, સમાન અધિકારો,ભેદ ભાવ પૂર્ણ વ્યવહાર સામે સંરક્ષણ, સરકારી નોકરીઓ અને મંત્રીમંડળોમાં પૂરતું પ્રતિનિધિત્વ તથા દલિત ઉત્થાન માટેની વિશેષ સુવિધાઓ નો સમાવેશ કરવામાં આવેલો.

આંબેડકરે હિન્દુ સમાજની કુટુંબી વ્યવસ્થામાં ભારતીય નારીની દયનીય સ્થિતિને સુધારવા તથા સ્ત્રીઓને સમાજમાં સન્માન જનક સ્થાન અપાવી તેમની પ્રતિષ્ઠા અને ગૌરવ વધારવા માટેના પ્રયત્નો કર્યા. તેમની આ ભૂમિકાના કારણે સામાજિક ક્રાંતિ ના પિતા અને આધુનિક મનુ તરીકે ઓળખવામાં આવ્યા. આંબેડકરનો રુખ રવૈયો એવો હતો કે સવર્ણ હિન્દુઓ સાથે અસ્પૃશ્યોની, સામાજિક, રાજકીય અને આર્થિક ક્ષેત્રમાં સમાનતા મળે. બાબા સાહેબે આગળ કહ્યું, હિન્દુ ધર્મનું કથન છે કે તમામ માનવો ઈશ્વરના જ જુદા જુદા રૂપો છે. ઉચ્ચ નીચનો કોઈ ભેદ નથી કરી શકતું. સમતા નું સામ્રાજ્ય સ્થાપવા માટે આનાથી બીજું કોઈ આધાર શોધવો મુશ્કેલ છે. પરંતુ સામાજિક સમતા પ્રસ્થાપિત કરવા માટે પુનિત પ્રયાસો શરૂ થવા પર પોતાની હિન્દુ ધર્મિ કહેડાવનારા લોકો એ કાર્યમાં અવરોધ રૂપ બને છે. આનાથી એ સ્પષ્ટ બને છે કે હિન્દુધર્મની લોકોને સાચા હિન્દુ ધર્મની કેટલી જાણકારી છે. એક તરફ શુદ્ધિ કરીને હિંદુ ધર્મમાં લાવવા અને બીજી તરફ છેતરીને પોતાને જ પર ધર્મમાં મોકલવા, આ બાબત શ્રદ્ધાનંદ પ્રણિત શુદ્ધિ નથી. બલ્કે શાન ભાન ભૂલેલા માનવીનું વર્તન છે. બાબા સાહેબે એમના સમાજને જણાવ્યું હતું, ભિક્ષાત્ર દેહી કહીને અધિકાર મેળવી નથી શકાતા. તમારે તમારું તે જ પ્રગટાવવું જોઈએ. બલિદાન બકરાનું અપાય છે, સિંહનું નહીં. કે પછી બાબા સાહેબ આંબેડ કરે મંદિર પ્રવેશની સમસ્યા હાથમાં લીધી. આંબેડકરને મુંબઈના ફણસવાળી મંદિરમાંથી બહાર કાઢી મૂકવામાં આવ્યા ને બાદમાં એ મંદિર શુદ્ધ કરવામાં

આવ્યું. નાસિકના રામ મંદિરમાં પ્રવેશ કરવા માટે માર્ચ 1930 થી સતત ચાર પાંચ વર્ષ સુધી સત્યાગ્રહ કરવામાં આવ્યો. અમરાવતી માં મંદિર પ્રવેશ માટે ઝઘડો થયો. ત્યાં પણ છેવટે સત્યાગ્રહ સ્થગિત કરવામાં આવ્યો. હિન્દુઓનું નાક નાસિક નગરમાં એમની જીદ પર પણ દબાવવામાં આવ્યું. થોડા દિવસો પછી પુરીના જગન્નાથ મંદિરમાં ભારતના બ્રિટિશ મહાન રાજ્યપાલ લીન લીથગો પ્રવેશ મેળવી શક્યા, પરંતુ આંબેડકરને એ મંદિરમાં પ્રવેશ ન મળ્યો. આંબેડકરના પતિ પાવન ચરણોથી શુદ્ધ બનેલા મંદિરો પશુઓના મળમૂત્રથી શુદ્ધ બન્યા. ધન્ય છે એ ઈશ્વરને, ધન્ય છે એમના પવિત્ર ધર્મને! ધન્ય છે એવા લોકો, જે ઈશ્વર અપવિત્ર બને છે. અશુદ્ધ હોય છે એવું માનીને શુદ્ધ કરે છે. અસ્પૃશ્યને બાબા સાહેબે ઉપદેશ આપ્યો, માત્ર જીવવું એ જ પરમ સત્ય કે પુરુષાર્થ નથી. જીવવાના અનેક રસ્તા છે. આગવાસ ખાઈને કાગડા પણ ઘણા વર્ષો જીવે છે, પરંતુ એમના જીવવામાં પુરુષાર્થ છે એવું કોઈ પણ નહીં કહે. મોત માટે રડવું કે ડરવું શા માટે?

અર્વાચીન ભારતમાં સમાજ સુધારણા ની દેશવ્યાપી ઝુંબેશના જનક રાજા રામમોહન રાય હતા. ત્યાર પછી જુદા જુદા પ્રદેશમાં સમાજ દ્વારા ક્ષેત્રે અનેક લોકોએ કામ કર્યું છે. જેમાં મુખ્યત્વે સતીપ્રથા નાબૂદી, વિધવા વિવાહ, બાળ લગ્ન ઉપર પ્રતિબંધ, કન્યા કેળવણી જેવી બીન દલિતને સ્પર્શતી સમસ્યાઓ કેન્દ્રમાં રાખી સુધારાઓની ચળવળો ચાલી હતી. વર્ણ વ્યવસ્થાને કારણે શુદ્ર ગણાતી કોમો અસ્પૃશ્યતાનો ભોગ બનતી તેની સમસ્યા સામે સૌપ્રથમ અવાજ ઉઠાવ્યો મહાત્મા ફૂલે જ્યોતિબા મહાન ક્રાંતિકારી અને મોટા ગજાના સમાજ સુધારક હતા. ઈ. સ 1852 માં તેમણે દલિત વર્ગોની કન્યાઓ માટે શાળાની સ્થાપના કરી અને દલિતો માટે છાત્રવાસો શરૂ કર્યા. મહાત્મા જ્યોતિબા ફુલે નું અવસાન 1980 માં થયું અને અને 1819 ની 14 મી એપ્રિલે ડૉ. આંબેડકર નો જન્મ અસ્પૃશ્ય ગણાતી ગરીબ મહાર જ્ઞાતિના કુટુંબમાં થયો. તે સમયે દેશમાં પરિવર્તન અને નવજાગરણની હવા ફૂંકાઈ રહી હતી. તેમ અછૂતોની સ્થિતિ દયનીય હતી. આંબેડકર એ અસ્પૃશ્યતાના કારણે અનેક અપમાન સહન કરવા પડ્યા હતા. નાનપણથી લઈને જિંદગીના છેલ્લા વર્ષો સુધી અસ્પૃશ્યતા અને જાતિ વ્યવસ્થાનો ભોગ બનેલા આંબેડકર સમાજ વ્યવસ્થામાં માત્ર સુધારો નહીં પણ ધડમૂળથી પરિવર્તન આવે તેમ ઈચ્છતા હતા. તેથી જ સમગ્ર જીવન ધ્યેય હાસલ કરવા માટે ઝ જુમતા રહ્યા. અસ્પૃશ્યતાના કારણે વડોદરા છોડ્યું ત્યારે જ તેમણે વિચારેલું કે મારા જેવા ભણેલા ગણેલા માણસોની આવી કપરી હાલત છે. તો ગામડામાં વસતા મારા અસંખ્ય ભાંડુઓની હાલત કેવી હશે?

સૌપ્રથમ 'વેઠપ્રથા' નાબૂદ કરવા ચળવળ ચલાવી.મહારોને સરકારી કામકાજ માટે ફરજિયાત તરીકે કામ કરવા જવું પડતું હતું. ગમે તે અધિકારી આવે તેના હુકમ પ્રમાણે કામ કરવાનું. તેના બદલામાં ગામ લોકો પાસેથી ભીખ માં અનાજ કે વધેલું એટલું જૂઠું ખાવાનું આપવામાં આવતું. આ વિદ્યાને માસિક બે આના વેતન મળતું. આ વેઇટ તેમના માટે ફરજિયાત હતી. દલિતો જો આ વેઠમાં જવાની ના પાડે તો તેની તેને સજા કરવામાં આવતી. આ વેદ તથા આઝાદી પૂર્વે સૌરાષ્ટ્રમાં પણ ચાલતી હતી. આ વેઠપ્રથા દૂર કરવા માટે આંબેડકર એ 19 માર્ચ 1927ના દિવસે ' મહાર વતન બીલ ' રજૂ કરી લોકમત ઉભો કર્યો અને આ વેધ પ્રથાના બદલે જે વેટનું કામ કરે છે તેને સરકારી નોકરી આપવામાં આવે અને વેટના બદલામાં ખેડવાણ સરકારી જમીન આપી તેમને પગભર કરવાની જોરદાર માંગણીઓ મૂકી. ધોમ ધખતા તાપમા, કર કરતી ઠંડીમાં અને ધોધમાર વરસાદમાં જેણે કાળી મજૂરી કરી હોય તે જ કિસાનો, કામદારો, શ્રમજીવીઓ નો સાચો હામી બની શકે. ભીમ રાવ ને મુંબઈની મજૂર ચાલીમાં રહેવાનું થયું. તેમને સુખ દુ:ખની પ્રત્યક્ષ અનુભૂતિ માંથી પસાર થવાનું થયું ત્યારે આ કામદારો અને શ્રમજીવીઓની મુશ્કેલીઓ જાણવા મળી. આ દેશના ખેતી કરતા કિસાનો કે જે જમીનના માલિક નથી ને કાળી મજૂરી કરે છે છતાં ખાવા ધાન પામતા નથી. કારખાનાઓમાં કામદારોનું જે રીતે આર્થિક શોષણ થતું હતું તે જાણીને

તેમને ભારે દુઃખ થયું. તેમજ જે ખેડૂત અનાજ પેદા કરે છે તે ભૂખે મરે છે ને કારખાનાના કામદારોની કાળી મજૂરી ઉપર મિલ માલિકોતાગળ ઘીન્ના કરે છે ત્યારે આ કિસાનો કામદારો અને સમજીવીઓની કોઈ રાવ ફરિયાદ સાંભળે નહીં, તેને રક્ષણ આપતો એક પણ કાયદો નહીં તેવા સંજોગોમાં  ડૉ. ભીમરાવતેમના હામે થયા. ઔદ્યોગિક કામદારોમાં જાગૃતિ લાવીને તેમના હક અધિકાર માલિક સામે રજૂ કર્યા. આપણા દેશમાં જમીનદારી પ્રથા હતી. હજારો એકવાર જમીનના માલિક જમીનદારો હતા. જે ખેતી કરતા ન હતા પણ જમીન વિહોણા મજરો પાસે ખેતી કરાવતા હતા. જમીનમાં સખત મજૂરી કરીને ખેતીનું વૈતરું કરીને પરસેવો પાડતો આ મજૂર પરિશ્રમનું પૂરું વળતર પામતો ન હતો. આ વર્ગ ગણોત્યા તરીકે ઓળખાતો પણ તે સાચો ખેડૂત બની શક્યો નહીં. આ ગણતરી અને જમીનદાર ગમે ત્યારે મારીને કાઢી મૂકતો, તેનો અનેક રીતે શોષણ કરતો ત્યારે આંબેડ કરે ખેતીનો વિકાસ થાય અને ગણો તેનું શોષણ અટકે તેમ જ એ ખેતીનો માલિક બને તે માટે અનેક રજૂઆતો કરી. ને આપણે જાણીએ છીએ કે આગળ જતા કાયદો બન્યો ને એ ગણોતિયો, ખેતી કરતો મજૂર જમીન માલિક બન્યો ને  આપણને સૂત્ર મળ્યું ' ખેડે તેની જમીન ' ખેતીના વિકાસ માટે તે પછી તો લેંડ મોર્ગેજ  બેંકો સ્થાપવામાં આવી. ખરીદ વેચાણ સંઘ થયા, સહકારી મંડળીઓ ઊભી થઈને ખેતીનું આધુનિકીકરણ તેમજ યાંત્રિકીકરણ થયું. આ ખેતી ઉપર બધા નભી શકશે નહીં તે માટે ખેતી સાથે જોડાયેલા નાના ઉદ્યોગો પણ ઊભા થયા. આ રીતે ખેડૂત ના સૌપ્રથમ હામી  ડૉ. આંબેડકર થયા.

મજૂરપ્રધાન તરીકે ડૉ. આંબેડકરે તે સમયે જે કાયદાઓ પસાર કર્યા તે આજે પણ ચાલુ રહ્યા છે. દા. ત કામના આઠ કલાક, હક્ક રજા, ગ્રેજ્યુટી, પ્રોવિડન્ટ ફંડ, કેજ્યુલ રજા, અકસ્માત વળતર, સ્ત્રી કામદારોને હળવું કામ આપવું, પ્રસુતિ ની રજાઓ આપવી, કારખાનામાં કામ કરતી સ્ત્રીઓના બાળકો માટે ઘોડિયા ઘરની સુવિધા આપવી, કર્મચારીના બાળકોને મફત શિક્ષણ આપો જેવા અનેક કાયદાઓ પસાર કરવામાં આવ્યા આજે કામદારો માટે આશીર્વાદ ગણાયા છે. સમાજમાં સૌથી છેવાડે રહેતા સફાઈ કામદારો એટલે કે વાલ્મિકી સમાજ દયજનક સ્થિતિમાં જીવતો હતો. આ સફાઈ કામદારો માથા ઉપર મળ ભરેલો ડબ્બો ઉપાડીને જતા હતા કારણ કે તે સમયે ફલસ જાજરૂ હતા નહીં. ગંદી ગટરોને માથું ફાટી જાય તેવી ગંદકી તેમને ફરજિયાત સાફ કરવી પડતી. આ સફાઈ કામદારોનું મુંબઈમાં સંગઠન કરવામાં આવ્યું. આ સંગઠનનું નામ અપાયું મુંબઈ મ્યુનિસિપલ કામદાર સંઘ ' આ સંઘ ની સ્થાપના માટે તેમણે ખૂબ પ્રયાસો કર્યા અને તે સૌથી પહેલા પ્રમુખ થયા.

સફાઈ કામદારોનું સંગઠન થયું, તેમના હક અને અધિકારનો પ્રથમ ભાન થયું ને માથે મેલુ ઉપાડનાર, હાથમાં ઝાડુ લઈને ચાલનાર, મુખે માએ બાપ ખાવાનું આવજો તેવી ભીક માંગનાર સ્વમાની બન્યો. અમને અમારા હકને અધિકાર આપો નહીં તો અમે સત્યાગ્રહ કરશું. ને સૌ પ્રથમ અમદાવાદમાં બે દિવસની હડતાલ પડી. ત્યારે સફાઈ કામદાર આગેવાનો ગાંધીજીને મળ્યા. સત્યાગ્રહમાં તેમનું સાત સહકાર માંગ્યો ત્યારે ગાંધીજીએ સત્યાગ્રહણની ના પાડી માફી માંગવાનું જણાવ્યું. પરંતુ હવે આ સમાજ જાગી ગયો હતો તેમણે માફી માંગણી સ્પષ્ટ ના પાડી દીધી ને જણાવ્યું કે અમે કોઈ ગુનો કર્યો નથી કે અમારે માફી માંગવી પડે અમે તો જાત મહેનત કરી, પરસેવો પાડી, આ સમાજની ગંદકી ઉઠાવીએ છીએ ને તેના બદલામાં થોડું વળતર માંગીએ ત્યારે અમારો અપમાન કરી કાઢી મૂકવામાં આવે ત્યારે અમારા આ સત્યાગ્રહનો માર્ગ પણ ખોટો? તે પછી આ લોકો આંબેડકર પાસે ગયા અને આંબેડકરના સાથ સહકાર આ કામદારોને કામે લેવા પડ્યા અને પગાર વધારો પણ આપવો પડ્યો.

ડૉ. આંબેડકર દેશવાસીઓને મોટો સંદેશો આપતાં કહે છે કે, જે જાતિભેદના કારણે સામાજિક જીવનમાં ભાગલા પડ્યા છે અને જાતિ જાતિ વચ્ચે દ્વેષભાવ અને વેરનિર્માણ થયું છે, તે જાતિભેદનો ત્યાગ કરી ભારતીય જનતાએ સામાજિક અને ભાવાત્મક અર્થમાં એક રાષ્ટ્ર બનવું જોઈએ '. ડૉ. આંબેડકરે મહારાષ્ટ્રમાં ધર્મસુધારણા અને

સમાજસુધારણા માટે પ્રાર્થના સમાજની સ્થાપના કરી. તેમાં વિધવાવિવાહ, આંતરજ્ઞાનાતીય, ભોજન અને પછાતવર્ગમાટે સમાજ સુધારણાનું કાર્ય કર્યું હતું.

ભારતને આઝાદી મળી, જવાહરલાલ નહેરુના વડાપ્રધાન પદે પ્રધાનમંત્રી રચાયું તેમાં ડૉ. આંબેડકર કાયદા પ્રધાન બન્યા ત્યારે તેમને હિન્દુ કોડ બિલ રચવાનો સોપાયું. ડૉ. આંબેડકર એ ભારતીય સંવિધાનમાં કલમ 14 15 અન્વયે લિંગભેદ નષ્ટ કરી યુગોથી પીડાતી, વિભાતી અબડાનારીને ઉગારી સમાજમાં તેનું સ્થાન ગૌરવપ્રદ અપાવ્યું. કાયદાની કલમે નારી શિક્ષણની અધિકારીની બની, સત્તામાં સહભાગી બની, અધિકારની દ્રષ્ટિએ પુરુષની સમવડી બની, હિન્દુ કોડ બીલ ના કાયદા પ્રમાણે યુગો જુની સામાજિક ગુલામી માંથી મુક્તિ મળી. તેને શિક્ષણ મેળવવાનો, સત્તા સ્થાને પહોંચવાનો અધિકાર મળ્યો. હવે નારી વિવાહ વિછેદ કરી શકે છે તેમજ પિતાની મિલકતમાં ભાગ મેળવી શકે છે. સ્ત્રીને દત્તક લેવાનો અધિકાર છે ને તે જાતે જ પોતાનો ઉત્તરાધિકારી નક્કી કરી શકે છે. હિન્દુ કોબિલમાં જ્ઞાતિવાદ, ઊંચનીચના ખ્યાલો ઉભા કરનારા ચાતુરવર્ણ વ્યવસ્થાનો છેદ ઉડાડીને સામાજિક વિષમતાનો નાશ કર્યો છે. સમાજમાં ફેલાયેલી અંધ માન્યતાઓ, રૂઢિ પરંપરાઓ જે ધર્મના નામે ધતિંગ ચાલતા હતા તેવા કુરિવાજો હટાવીને સામાજિક સમતા સ્થાપવાનું કાર્ય આ કાયદાઓથી કરવામાં આવ્યું છે. જેમાં આંબેડકરની ખૂબ જ મોટી ભૂમિકા રહી છે.

આંબેડકરને ગ્રામ પંચાયત આધારિત લોકશાહી માન્ય ન હતી. એમનો મત હતો ગ્રામ સંસ્થાઓના કારણે ભારતીય સમાજ સેકડો વર્ષ સ્થિર રહ્યો પરંતુ એની ગતિશીલતા નાશ પામી. એમના તરંગો ગ્રામ સંસ્થાઓને સ્પર્શ કરી ન શક્યા. ગ્રામ સંસ્થાએ જાતિ વ્યવસ્થાને મજબૂત કરી. સામાજિક ચોકઠાનું સમર્થન કર્યું. ગ્રામ રાજકીય અજ્ઞાન અને પ્રતિગામી વિચારોના પિયર હતા. એટલે ગ્રામ સ્વરાજ સંબંધી બાબા સાહેબનું મંતવ્ય હતું કે ગામડું એટલે દેશના એક સ્થાનિકવાદનું કુદાળું, જે અજ્ઞાનની, સંકુચિત મનની અને જાતીય વાદ ની ગુફા છે. એનો મને આનંદ થાય છે. આંબેડ કરે એમની ઇન્ડિપેન્ડન્ટ લેબર પાર્ટી મારફતે કોકણના ગણતીયાઓને ખેતીના સકં જામાંથી છોડાવવાનો પ્રયાસ કર્યો. ભારત સરકારના મજદૂરપ્રધાન પદે થી બાબા સાહેબે મજૂરોના હિત માટે અનેક યોજનાઓ બનાવી. એમના મત અનુસાર ઔદ્યોગિક અશાંતિ ટાળવા માટે અથવા તો કામ કરવા માટે ત્રણ બાબતોની જરૂર છે. પહેલી બાબત સમજૂતી કરવા માટે યોગ્ય વહીવટ જોઈએ. બીજી બાબત ઔદ્યોગિક ફરિયાદ કાયદામાં સુધારો કરવો જોઈએ. ત્રીજી બાબત મજૂરોને ઓછામાં ઓછું કેટલું વેતન મળવું જોઈએ, એક નક્કી કરવું જોઈએ. ઔદ્યોગિક શાંતિ સ્થાપવા માટે બાબાસાહેબના વિચારો માનનીય છે. બાબાસાહેબે સમાજવાદી પક્ષને સહાયતા કરી, એનું મૂળ એમની વિચારધારામાં છે. બાબા સાહેબના મત અનુસાર રાજ્યશાસ્ત્ર સમાજવાદ દેશના ઔદ્યોગીકરણ માટે જરૂરી છે. મૂળભૂત ઉદ્યોગો સરકારના હાથમાં હોવા જોઈએ. વીમા યોજના સરકારના અધિકારમાં રહેવી જોઈએ. બાબાસાહેબ આંબેડકર લોકતંત્રના સમર્થક અને આવા ચિંતનશીલ વિચારો વાળા હતા

## ઉપસંહાર :-

**બાબા સાહેબ આંબેડકર સામાજિકતા સમાનતા જેવા અતિ દુષ્કર એવા કાર્યને બંધારણીય સ્વરૂપ આપીને તેને સાકાર કરવામાં મહામૂલ્ય યોગદાન આપ્યું છે. ભારતીય સમાજમાં પુરુષ પ્રધાનના હેઠળ મહિલાઓને વિવિધ ક્ષેત્રે જીવોને જીવવાની અને આગળ વધવાની તકોનો તીવ્ર અભાવ હતો. આવી તદ્દન પછાત અન્યાય સમાજ વ્યવસ્થામાં સૌને સમાન હક અને સમાનતક મળે તે માટે અલબત્ત ગળામાં પુરુષોએ પોતપોતાના રીતે પ્રયાસો કર્યા હતા. તેમાંના એક હતા આંબેડકર. તેમણે તમામ નબળા, પીડિત, શોષિત, વંચિત એવા વર્ગોને વિકાસને સમાન તકો અને સમાન હક્કો આપવા માંગતા હતા. તે માટે તેમણે બંધારણમાં ખૂબ જ યોગ્ય જોગવાઈઓ સમાવી છે. બંધારણ સભાના વિદ્વાન સભ્યોએ પુખ્ત ચર્ચા વિચારણા ના અંતે**

સ્વીકાર કર્યો છે. અને આંબેડકરના ચિંધ્યા માર્ગે ભારતમાં સામાજિક સમાનતા અને સામાજિક ન્યાય ની યાત્રા આગળ વધી રહી છે

આમ આ રીતે આંબેડકર નો સમાજ સુધારણા માટે એક ચોક્કસ અભિગમ હતો. તેઓ સમાજ સુધારણા દ્વારા રાજકીય સત્તા હાંસલ કરવા માંગતા હતા. તેમના સમાજ સુધારાના અંતિમ ધ્યેય રાજકીય અધિકારો અને રાજકીય સત્તા હાંસલ કરવાનું હતું. આ માટે રાજકીય પક્ષ સ્થાયી વિવિધ સંગઠનો રચી દલિતોનો અવાજ બુલંદ બનાવ્યો. અન્ય સમાજ સુધારકોની જેમાં સામાન્ય કુરિવાજો, વ્યસન મુક્તિ, અંધશ્રદ્ધા મુક્તિ જેવા સમાજ સુધારાના કાર્યો કરવાના બદલે આંબેડકર એ સમાજના ઢાંચા ને જળમૂળથી ફેરવવાની પ્રક્રિયાને પોતાના સમાજ સુધારા આંદોલનની બુનિયાદ બનાવી આ માટે જાતિ પ્રથાને નાબૂદીના આંદોલનો કર્યા. ધરમંત્રણ પણ કર્યું જીવનભર વર્ણવિહીન અને વર્ગવિહીન સમાજ વ્યવસ્થા સ્થાપવાનો પ્રયત્ન કર્યો. સમાજમાં બાહ્ય ફેરફારો કરી બેસી રહેવામાં ડો.આંબેડકર માનતા ન હતા. પરંતુ તેઓ સમગ્ર સમાજ વ્યવસ્થામાં તે મુડોગામી ફેરફારો કરી નવી સમાજ રચના ઉભી કરવાનું તેમનું સપનું હતું. આ અર્થમાં આંબેડકર દલિતોના મસિહા સ્ત્રીઓની સામાજિક સમાનતા નો અધિકાર અપાવનારા સાચા સમાજ સુધારક સામાજિક ન્યાયના પ્રણેતા અને સામાજિક રાહબર હતા.

**સંદર્ભ સૂચિ :-**

1. ડૉ. બાબા સાહેબ આંબેડકર (માનસ અને તત્વ વિચાર) પદ્મભૂષણ ડૉ. ધનંજય કીર
2. ભારત રત્ન ડૉ. ભીમરાવ આંબેડકર ડૉ. નાથાલાલ ગોહિલ.
3. આંબેડકર નું જીવન અને ચિંતન ચાવડા અનિલ.
4. ડૉ. આંબેડકર શતાબ્દી- રમેશચંદ્ર પરમાર.
5. સમતાના સેનાનીડૉ. આંબેડકર -ડૉ. ચંદુ મહેરીયા.

**કલ્પનાબેન બી ચૌધરી**

આસિ. પ્રોફેસર

સમાજશાસ્ત્ર વિભાગ

શ્રીમતી આર એમ પ્રજાપતિ આર્ટસ કોલેજ સતલાસણા

Chaudhari Kbc 1985@gmail.com

મો.૯૭૧૨૨૫૦૬૮૦